## ૮૦૦ નૃત્યકારોએ રજૂ કરી ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્યની શ્રેણી



વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની મલેશિયા મુલાકાત દરમિયાન સેરી કેમ્બાંગન ખાતે યોજાયેલા એક સમારોહમાં 800થી વધુ નૃત્યકારોએ ભારતના શાસ્ત્રીય અને લોકનૃત્યની શ્રેણી રજૂ કરી હતી. જેને મલેશિયા બુક ઓફ રેકોર્ડ્સ તરફથી સત્તાવાર માન્યતા મળી હતી. ભારતીય સમુદાય સાંસ્કૃતિક સમિતિના બેનર હેઠળ લગભગ 800 નર્તકોએ પાંચ મિનિટના નૃત્ય નિર્દેશન કાર્યક્રમ માટે એક મંચ પર ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓની શ્રેણી રજૂ કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ ડાયસ્પોરાને સંબોધન દરમિયાન કલાકારોને અભિનંદન આપતાં કહ્યું હતું કે આપણે હમણાં જ એક ઐતિહાસિક સાંસ્કૃતિક પ્રદર્શન જોયું છે. 800 થી વધુ નર્તકો સંપૂર્ણ સુમેળમાં સાથે નૃત્ય કરી રહ્યા છે. આ વર્ષો સુધી યાદ રહેશે. દરેક કલાકારને મારા અભિનંદન. મલેશિયા બુક ઓફ રેકોર્ડ્સના સીઈઓ ક્રિસ્ટોફર વોંગે આ સિદ્ધિ પાછળના પ્રયાસ અને સંકલનની પ્રશંસા કરતા કહ્યું હતું કે ભારતીય શાસ્ત્રીય નૃત્ય રજૂ કરવા માટે 800 નર્તકોને એકસાથે ભેગા કરવા અત્યંત પડકારજનક છે.

# ભારત-મલેશિયાના મજબૂત સંબંધો માટે PM મોદીની હાકલ

**બંને** દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે ૧૧ કરારો, ત્રાસવાદ સામેની લડતમાં સહકાર માટે બંને દેશો સહમત



કુઆલાલમ્પુર, તા. 8(PTI): ભારત અને મલેશિયાએ રવિવારે વેપાર અને રોકાણ, સંરક્ષણ, ઊર્જા, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ અને સેમિકન્ડક્ટર્સ જેવા ઉચ્ચ-પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં તેમના સંબંધોને વિસ્તારવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો ઈન્ડો-પેસિફિકમાં શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છે.

મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની તેમની વ્યાપક મંત્રણા બાદ, મોદીએ આતંકવાદનો સામનો કરવા અંગે ભારતના વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કેઃ આતંકવાદ પર અમારો સંદેશ સ્પષ્ટ છે; કોઈ બેવડા ધોરણો નહીં, કોઈ બાંધછોડ નહીં. બંને પક્ષોએ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઊંડા જોડાણ માટેના ફ્રેમવર્ક પેક્ટ સહિત વિવિધ મુખ્ય ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે કુલ 11 કરારો અને દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા.

શનિવારે કુઆલાલમ્પુર પહોંચેલા મોદી અને ઈબ્રાહિમ બંનેએ વેપાર પતાવટ માટે સ્થાનિક ચલણ – ભારતીય રૂપિયો અને મલેશિયન રિંગિટ – ના ઉપયોગને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. મોદીએ મલેશિયામાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ સ્થાપવાના ભારતના નિર્ણયની પણ જાહેરાત કરી હતી.

સંયુક્ત નિવેદન અનુસાર, બંને વડાપ્રધાનોએ સીમાપાર આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદની સ્પષ્ટ અને સખત નિંદા કરી હતી અને આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ રાખવાની હાકલ કરી હતી. બંને નેતાઓએ આતંકવાદનો વ્યાપક અને ટકાઉ રીતે સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પ્રયાસો કરવા હાકલ કરી હતી અને કટ્ટરવાદ અને હિંસક ઉગ્રવાદનો સામનો કરવા માટે કામ કરવા સંમતિ દર્શાવી હતી.

### મલેશિયાના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે મોદીની બેઠક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મલેશિયાના ચાર અગ્રણી ઉદ્યોગ સાહસિકો સાથે વાતચીત કરી હતી અને ભારતની વિકાસ ગાથામાં આ કંપનીઓએ દર્શાવેલા ઊંડા રસની પ્રશંસા કરી હતી. મોદીએ પેટ્રોનાસના પ્રેસિડેન્ટ અને ગ્રુપ CEO તેંગકુ તૌફીક, બરજાયા કોર્પોરેશન બરહાદના સ્થાપક વિન્સેન્ટ તાન ચી યીઉન, ખઝાના નેશનલ બરહાદના મેનેજિંગ ડિરેક્ટર અમીરુલ ફેસલ વાન ઝાહિર અને ફિસોન ઈલેક્ટ્રોનિક્સના સ્થાપક પુઆ ખેઈન સેંગ સાથે મુલાકાત કરી હતી.

# ગૌરવ ગોગોઇ, તેમની પત્નીના પાક એજન્ટ સાથે ગાઢ સંબંધ: હિમંત સર્મા

**ગોગોઇની** બ્રિટિશ પત્નીને પાકિસ્તાની સંસ્થા તરફથી પગાર ચુકવાયો હોવાનો આસામના મુખ્યમંત્રીનો દાવો

**આ** પ્રકરણમાં કેન્દ્રીય તપાસ માટે આસામ સરકારની ભલામણ

**આ** આક્ષેપો જે પત્રકાર પરિષદમાં કરાયા તેને ગોગોઇએ સી ગ્રેડ સિનેમા કરતા વધુ ખરાબ અને ફ્લોપ ગણાવી



ગુવાહાટી, 8 ફેબ્રુઆરી (PTI): આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ, તેમની બ્રિટિશ પત્ની એલિઝાબેથ કોલબર્ન અને પાકિસ્તાની નાગરિક તૌકીર શેખ વચ્ચે ઊંડો સંબંધ હતો અને ઈન્ટેલિજન્સ બ્યુરોની માહિતી ગુપ્ત રીતે પાડોશી દેશને પહોંચાડવામાં આવી હતી.

વિધાનસભા ચૂંટણી પહેલા અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા સરમાએ એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે કોલબર્ન ભારતમાં કામ કરતી હતી ત્યારે શેખ દ્વારા તેને પગાર ચૂકવવામાં આવ્યો હતો, જે ફોરેન કોન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA)ના નિયમોનું ઉલ્લંઘન કરીને ચુકવાયો હતો. મુખ્યમંત્રીએ એમ પણ આક્ષેપ કર્યો હતો કે ગોગોઈએ 2013માં પાકિસ્તાનની ખૂબ જ ગુપ્ત મુલાકાત લીધી હતી અને ત્યાં તેમણે કોઈ પ્રકારની તાલીમ લીધી હોવાનું માનવામાં આવે છે. તેમણે કોંગ્રેસ નેતાને આ પ્રવાસ અંગે સત્ય જણાવવા અથવા રાષ્ટ્રદ્રોહના આરોપોનો સામનો કરવા પડકાર ફેંક્યો હતો. ગૌરવ ગોગોઈ, જેઓ રાજ્ય કોંગ્રેસના પ્રમુખ પણ છે, તેમણે સરમાની પત્રકાર પરિષદને C-ગ્રેડ સિનેમા કરતાં પણ ખરાબ અને સુપર ફ્લોપ ગણાવી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું, અમારું માનવું છે કે ગોગોઈ, કોલબર્ન અને શેખ વચ્ચે ઊંડો સંબંધ છે. અમે માનીએ છીએ કે કોલબર્ન અને શેખ એક આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો હિસ્સો હતા. સરમાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓએ સ્થાનિક મ્યુનિસિપલ એજન્સીઓ સાથે કામ કરવા માટે ભારત સરકારની અવગણના કરી હતી અને આની તપાસ આસામ પોલીસ દ્વારા થઈ શકે તેમ નથી.

# સૂરજકુંડ રાઈડ દુર્ઘટના : સાઈડ ઓપરેટર, સ્ટાફની ધરપકડ

ફરીદાબાદ, તા. 8 (PTI) : ફરીદાબાદના સૂરજકુંડ મેળા મેદાનમાં વિશાળ 'સુનામી' ઝૂલો તૂટી પડતાં ફરજ પરના એક ઈન્સ્પેક્ટરનું મોત થયું હતું અને અન્ય 12 લોકો ઘાયલ થયાના એક દિવસ બાદ પોલીસે રવિવારે ઝૂલાના સંચાલક અને તેના એક સ્ટાફ સભ્યની ધરપકડ કરી છે. આ દુર્ઘટના શનિવારે સાંજે 39મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ્સ મેળામાં ત્યારે બની જ્યારે અંદાજે 19 લોકો ઝૂલા પર સવાર હતા ત્યારે અચાનક ઝૂલો નમી ગયો અને જમીન પર પટકાયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, લોકોને બચાવવાના પ્રયાસમાં જીવ ગુમાવનાર ઈન્સ્પેક્ટર 58 વર્ષીય જગદીશ પ્રસાદ 1989માં હરિયાણા આર્મ્ડ પોલીસમાં જોડાયા હતા અને 36 વર્ષની સેવા પૂર્ણ કર્યા બાદ માર્ચમાં નિવૃત્ત થવાના હતા. પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે પોસ્ટમોર્ટમ બાદ તેમનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો.

ફરીદાબાદ પોલીસના પ્રવક્તા યશપાલે જણાવ્યું હતું કે, ''આ ઘટનાની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) એ બે આરોપીઓની ધરપકડ કરી છે.

## દિલ્હીમાં પાર્ક કરેલી કારમાંથી ત્રણ મૃતદેહો મળ્યા

નવી દિલ્હી, તા. ૮: દિલ્હીના પીરાગઢી ફ્લાયઓવર પર રવિવારે એક પાર્ક કરેલી કારમાંથી ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બપોરે લગભગ ૩.૫૦ વાગ્યે પીસીઆર કોલ મળ્યો હતો કે વાહનમાં સવાર ત્રણ લોકો કોઈ પ્રતિસાદ આપી રહ્યા નથી. જ્યારે પોલીસ ટીમો ઘટનાસ્થળે પહોંચી ત્યારે તેમને સફેદ રંગની ટાટા ટિયાગો કારની અંદરથી મૃતદેહો મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ રણધીર (૭૬), નરેશ સિંહ (૪૭) અને લક્ષ્મી દેવી (૪૦) તરીકે થઈ છે.

## પેજ 3

### શાહરૂખ, સલમાન, આમિરે લીડ રોલને લાયક ઉંમર નથી રહી તે સ્વીકારવું જોઇએ : ઇમરાન ખાન



મુંબઈ, તા. 8 _ અભિનેતા ઇમરાન ખાને બોલિવૂડના ટોચના સ્ટાર્સની કારકિર્દી પર વધતી ઉંમરની અસર વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. ઇમરાને જણાવ્યું હતું કે, મોટામાં મોટા મુખ્ય કલાકારોએ પણ આખરે પ્રેક્ષકોની બદલાતી અપેક્ષાઓ મુજબ પોતાને ઢાળવા જોઈએ. શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનના લાંબા સમયના વર્ચસ્વ પર વાત કરતાં ઇમરાને કહ્યું હતું કે, કલાકારો એક સમયે એક એવા તબક્કે પહોંચી જાય છે જ્યાં તેઓ પરંપરાગત 'હીરો'નો રોલ કરી શકતા નથી અને તેમણે પોતાની ઉંમરને અનુરૂપ ભૂમિકાઓમાં પરિવર્તન કરવાની જરૂર હોય છે. ઇમરાને કહ્યું, ' 'તમે એક ચોક્કસ ઉંમર પછી લીડ રોલ કરી શકતા નથી.''

### કૃતિકા કામરા ગૌરવ કપૂરની બીજી દુલ્હન બનશે, માર્ચમાં લગ્ન થઇ શકે છે



મુંબઈ, તા.8 _'કિતની મોહબ્બત હૈ' ફેમ કૃતિકા કામરા ફાઇનલી લગ્ન કરવા જઈ રહી છે. તેણે ગૌરવ કપૂર સાથેના પોતાના સંબંધો વિશે ગયા વર્ષે જ જણાવ્યું હતું. તે પોતાના સંબંધને આગલા સ્તર પર લઈ જવા માટે તૈયાર છે અને કદાચ માર્ચ, 2026માં પતિ-પત્ની બની જશે. જોકે, હજી સુધી કપલ તરફથી આની પુષ્ટિ કરવામાં આવી નથી. સૂત્રોએ જણાવ્યું છે કે, કૃતિકા અને ગૌરવ સાથે ખુશ છે અને સારું જીવન વિતાવી રહ્યા છે. અને તેઓ હવે પોતાના સંબંધને નેક્સ્ટ લેવલ પર લઈ જવા માટે ઉત્સાહિત છે. તેઓ માર્ચના છેલ્લા દિવસોમાં અથવા એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં લગ્ન કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છે.

### ફેમિલી મેન, મેરી કોમના નેપાળી અભિનેતા સુનીલ થાપાનું 68 વર્ષની વયે નિધન



નવી દિલ્હી, તા. 8 (PTI) : હિટ સિરીઝ 'ધ ફેમિલી મેન' અને 'મેરી કોમ'માં કામ કરી ચૂકેલા નેપાળના દિગ્ગજ અભિનેતા સુનીલ થાપાનું 68 વર્ષની વયે અવસાન થયું છે. થાપા શંખમૂલ સ્થિત તેમના એપાર્ટમેન્ટમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા બાદ તેમને રાજધાની કાઠમંડુની થાપાથલીની નોર્વિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ડોક્ટરો કાર્ડિયાક અરેસ્ટને કારણે તેમનું મૃત્યું થયું હોવાની શંકા સેવી રહ્યા છે. 'મેરી કોમ'માં થાપા સાથે અભિનય કરનાર અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ ઇન્સ્ટાગ્રામ પર અભિનેતા માટે શ્રદ્ધાંજલિ પોસ્ટ કરતાં જણાવ્યું હતું કે, થાપા એક માર્ગદર્શક હતા જેમણે તેમના જીવનના મુશ્કેલ સમયમાં તેમને સાથ આપ્યો હતો. અભિનેતા મનોજ બાજપેયીએ પણ સુનીલ થાપાના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

### 'રામાયણ'માંથી પડતા મુકાયાના અહેવાલોને ફગાવતા વિક્રાંત મેસી બોલ્યો, હું તેમાં હતો જ નહીં



મુંબઈ, તા. 8 (PTI) : અભિનેતા વિક્રાંત મેસીએ શનિવારે તે અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ફિલ્મ-નિર્માતા નિતેશ તિવારીની આગામી મોટા બજેટની ફિલ્મ 'રામાયણ'માંથી તેને પડતો મૂકવામાં આવ્યો છે. મેસીએ જણાવ્યું હતું કે, તે શરૂઆતથી જ આ પ્રોજેક્ટનો હિસ્સો નહોતો. મીડિયામાં એવા અહેવાલો હતા કે, અભિનેતા રાઘવ જુયાલે રાવણના જ્યેષ્ઠ પુત્ર અને લંકાના રાજકુમાર મેઘનાદની ભૂમિકા ભજવવા માટે મેસીનું સ્થાન લીધું છે. પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક પોસ્ટમાં મેસીએ કહ્યું, ' 'ઠીક છે. અફવાઓ પર વિરામ મૂકવા માટે જણાવી દઉં કે, હું ક્યારેય નિતેશ તિવારીની 'રામાયણ'નો ભાગ નહોતો.''



ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં કેન્સર ચેરિટી માટે ભંડોળ એકત્ર કરવા માટે યોજાયેલા એક કાર્યક્રમમાં મેરિલીન મનરો જેવો વેશ ધારણ કરીને મહિલાઓએ સ્વીમીંગ પુલમાં ઝંપલાવ્યું હતું. દર વર્ષે આ ચેરિટી કાર્યક્રમ પહેલા ઓસ્ટ્રેલિયામાં યોજાતો હતો અને હવે તે આયર્લેન્ડમાં પણ યોજાય છે. ઓસ્ટ્રેલિયન ઇવેન્ટે છેલ્લા દાયકામાં 1.3 મિલિયન ડોલરથી વધુ ભંડોળ એકત્ર કર્યું હતું.

# AI સમિટના કારણે દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલના રૂમ ભાડા આસમાને

નવી દિલ્હી, તા. 8 (PTI) : ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026 માટે હજારો પ્રતિનિધિઓ નવી દિલ્હીમાં આવવાના હોવાથી રાષ્ટ્રીય રાજધાનીની ફાઈવ-સ્ટાર હોટલોમાં રૂમના દરોમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળી રહ્યો છે. આ સમિટ 16થી 20 ફેબ્રુઆરી દરમિયાન ભારત મંડપમ ખાતે યોજાનાર છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં એક સત્તાવાર પ્રકાશન મુજબ, આ સમિટમાં વૈશ્વિક સમુદાય તરફથી ભારે રસ જોવા મળ્યો છે અને કાર્યક્રમ પહેલા 35,000થી વધુ રજિસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. પુરવઠા કરતાં માંગ વધી જવાથી નવી દિલ્હીની સૌથી વધુ લોકપ્રિય ફાઈવ-સ્ટાર હોટલોમાં રૂમના ઉંચા દરો અને લગભગ ફૂલ ઓક્યુપન્સીને કારણે ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટની તારીખોની આસપાસ બુકિંગ કરવા ઈચ્છતા પ્રવાસીઓની યોજનાઓ ખોરવાય તેવી શક્યતા છે.

હોટલની વેબસાઈટ્સ અને ટ્રાવેલ પોર્ટલ દર્શાવે છે કે, શહેરની પ્રીમિયર ફાઈવ-સ્ટાર હોટલોમાં સ્ટાન્ડર્ડ રૂમ, જે સામાન્ય રીતે રાત્રિ દીઠ 20,000થી 40,000ની રેન્જમાં હોય છે, તે હવે ફેબ્રુઆરી 19-20ની આસપાસ સમિટના મુખ્ય દિવસો માટે લાખોમાં અને અમુક કેટેગરીમાં રાત્રિ દીઠ 4 લાખથી 5 લાખથી વધુના ભાવે લિસ્ટ કરવામાં આવ્યા છે. દિલ્હીની કેટલીક ફ્લેગશિપ પ્રોપર્ટીઝ, જેમાં ધ લીલા પેલેસ, આઈટીસી મૌર્યા અને તાજ પેલેસનો સમાવેશ થાય છે.

## બહું થયું ચાલો થોડો આરામ કરી લઇએ



એન્ટાર્કટિકાના હોર્સશૂ આઇલેન્ડ પર બરફના પહાડો પર આરામ કરતી સીલ માછલીની આકર્ષક તસવીર. એન્ટાર્કટિક દ્વીપકલ્પ પર માર્ગુરાઇટ ખાડીમાં સ્થિત હોર્સશૂ આઇલેન્ડ, એક જાણીતું નિવાસસ્થાન છે જ્યાં વેડેલ, ક્રેબીટર, ફર અને એલિફન્ટ સીલ સહિત વિવિધ સીલ પ્રજાતિઓ બરફના પહાડો પર આરામ કરતી જોવા મળે છે. આ સીલ ખાસ કરીને પ્રદેશના સક્રિય હિમનદીઓની નજીક તરતા બરફના ખડકનો ઉપયોગ આરામ અને રક્ષણ માટે પ્લેટફોર્મ તરીકે કરે છે.

# અણુ સંવર્ધન બંધ નહીં કરીએ : ઈરાને મંત્રણામાં અમેરિકાને કહી દીધું

**અમેરિકાની** લશ્કરી જમાવટ અંગે ઇરાને કહ્યું કે અમે યુદ્ધથી ડરતા નથી

તેહરાન, તા. ૮: ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ રવિવારે વોશિંગ્ટન સાથેની વાતચીતમાં તેહરાન ક્યારેય યુરેનિયમ સંવર્ધન છોડશે નહીં તેવું કહીને આ શક્યતાને નકારી કાઢી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન અમેરિકા સાથેના યુદ્ધની ધમકીથી ડરશે નહીં.

તેહરાનમાં એએફપી દ્વારા આયોજિત એક ફોરમમાં અરાઘચીએ જણાવ્યું હતું કે ઈરાનને વોશિંગ્ટન પર બહુ ઓછો વિશ્વાસ છે અને તેને શંકા છે કે અમેરિકા ફરી શરૂ થયેલી મંત્રણાઓને ગંભીરતાથી લઈ રહ્યું છે ખરૂ? તેમણે પાછળથી ઉમેર્યું કે ઈરાન આ મંત્રણાઓ અંગે તેના વ્યૂહાત્મક ભાગીદારો ચીન અને રશિયા સાથે પરામર્શ કરી રહ્યું છે. અરાઘચીએ ફોરમમાં કહ્યું, જો અમારા પર યુદ્ધ લાદવામાં આવે તો પણ અમે સંવર્ધન પર આટલો આગ્રહ કેમ રાખીએ છીએ અને તેને છોડવાનો ઈનકાર કેમ કરીએ છીએ? કારણ કે કોઈને પણ અમારા વર્તન પર આદેશ આપવાનો અધિકાર નથી.

અરબી સમુદ્રમાં અમેરિકી એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકનના આગમનનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું, આ પ્રદેશમાં તેમની લશ્કરી જમાવટ અમને ડરાવતી નથી.

# જાપાનની ચૂંટણીમાં સનાએ તાકાઈચીની પાર્ટીનો જંગી વિજય

**તાકાચીની** લિબરલ ડેમોક્રેટિક પાર્ટીએ 465 બેઠકોવાળા નીચલા ગૃહમાં બહુમતી માટે જરૂરી 233 બેઠકો મેળવી

**વડાપ્રધાન** મોદી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાકાઇચીને અભિનંદન પાઠવ્યા



ટોક્યો, તા. 08 : જાપાનના વડા પ્રધાન સના તાકાચીના નેતૃત્વ હેઠળના ગઠબંધને રવિવારની ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો છે. તાકાચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ એકલા 465 બેઠકોવાળા નીચલા ગૃહમાં બહુમતી માટે જરૂરી 233 બેઠકો મેળવી છે. LDP, તેના ગઠબંધન ભાગીદાર, જાપાન ઈનોવેશન પાર્ટી (ઈશિન) સાથે મળીને બે તૃતીયાંશ સુપર મેજોરિટી મેળવી. આ LDP ના શ્રેષ્ઠ ચૂંટણી પરિણામોમાંનું એક છે . રવિવારે સામાન્ય ચૂંટણી માટે મતદાન થયા પછી સાંજે જાપાનમાં મત ગણતરી શરૂ થઈ. ગણતરીના પહેલા કલાકમાં, સ્પષ્ટ થઈ ગયું કે શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) ની આગેવાની હેઠળનું ગઠબંધન જીતવા જઈ રહ્યું છે. ગણતરીના બે કલાકના અંત સુધીમાં, LDP બહુમતીનો આંકડો પાર કરી ચૂક્યું હતું. સંસદના નીચલા ગૃહમાં 465 બેઠકો માટે 1,200 થી વધુ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સનાઈ તકાઈચીને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. જંગી જીત પર શુભેચ્છાઓ પાઠવતા નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું, પ્રતિનિધિ ગૃહની ચૂંટણીમાં તમારી ઐતિહાસિક જીત બદલ સનાઈ તકાઈચીને અભિનંદન!

# પાકિસ્તાનમાં સુરક્ષા ચિંતાને કારણે મસ્કની સ્ટારલિંકનો પ્રવેશ વિલંબમાં

**વિલંબ** માટે મસ્ક-ટ્રમ્પ વચ્ચેના ચાલુ વિવાદ અને ચીની કંપનીઓ સાથે સ્પર્ધા પણ જવાબદાર

ઈસ્લામાબાદ, તા. 8 (PTI) : પાકિસ્તાનના સેટેલાઈટ ઈન્ટરનેટ માર્કેટમાં પ્રવેશવા માટે સ્ટારલિંકનું લાઈસન્સ ડેટા સુરક્ષાની ચિંતાઓ, મસ્ક-ટ્રમ્પ વચ્ચેના ચાલુ વિવાદ અને ચીની કંપનીઓ સાથે સ્પર્ધાને કારણે વિલંબમાં પડ્યું છે. તેમ રવિવારે સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો હતો. ટેક અબજોપતિ ઈલોન મસ્કની માલિકીની સ્ટારલિંક એ કેટલીક કંપનીઓમાંની એક છે જે પાકિસ્તાનમાં કાર્યરત થવા માટે મંજૂરી માંગી રહી છે, પરંતુ અધિકારીઓ કહે છે કે, વણઉકેલાયેલી સુરક્ષા અને ભૌગોલિક રાજકીય ચિંતાઓને કારણે મંજૂરીની પ્રક્રિયા ધીમી થઈ ગઈ છે.

સૂત્રોને ટાંકીને એક્સપ્રેસ ટ્રિબ્યુને અહેવાલ આપ્યો છે કે, સરકારને જાણવા મળ્યું છે કે સ્ટારલિંક પાકિસ્તાનના મોનિટરિંગ, નિયમનકારી અને સુરક્ષા તપાસને બાયપાસ કરીને ચોક્કસ ડેટા મોકલી શકે છે. એક્સપ્રેસ ટ્રિબ્યુન દ્વારા એક વરિષ્ઠ સરકારી અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, ''પાકિસ્તાનમાં ગ્રાહકોના ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કર્યા વિના અમે સ્ટારલિંકને લાઈસન્સ આપી શકતા નથી.'' અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક વચ્ચેનો વિવાદ એ બીજું કારણ છે કે પાકિસ્તાની એસ્ટાબ્લિશમેન્ટ સુરક્ષા મંજૂરી આપવા માટે તૈયાર નથી. કારણ કે, તેમને ડર છે કે તેનાથી ટ્રમ્પ નારાજ થઈ શકે છે.

# સોલાપુરમાં કારમાંથી બે રિઝર્વ ઈવીએમ મળ્યા, ત્રણ કર્મી સસ્પેન્ડ

**ત્રણેય** ઇવીએમ રિઝર્વ હોવાથી ગેરરીતિને કોઇ અવકાશ ન હોવાનું કહીને રાજ્ય ચૂંટણી પંચે કડક કાર્યવાહીનું વચન આપ્યું

મુંબઈ, તા. 8 (PTI) : મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં એક ભોજનાલય નજીક એક કારમાંથી બે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) મળી આવ્યા હતા. રાજ્ય ચૂંટણી પંચે રવિવારે આ મામલે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું, સાથે જ સ્પષ્ટતા કરી હતી કે આ મશીનો 'રિઝર્વ' (અનામત) હોવાથી ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહી છે.

સોલાપુર સહિત 12 જિલ્લા પરિષદો અને 125 પંચાયત સમિતિઓની ચૂંટણી શનિવારે મહારાષ્ટ્રમાં યોજાઈ હતી.

શનિવારે મધ્યરાત્રિની આસપાસ મોહોલ નગરની હોટલ સ્વરાજ્ય પાસે ચૂંટણી ફરજ પરના એક અધિકારી માટે ભાડે રાખેલી કારમાં બે ઈવીએમ મળી આવ્યા હતા, જેના કારણે કેટલાક રાજકીય પક્ષોએ છેડછાડના આક્ષેપો કર્યા હતા.

ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે પ્રશ્નો ઉઠાવતાં એનસીપીના એક ઉમેદવારે આ મામલે ઊંડી તપાસની માંગ કરી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, જાણ થતાં જ ચૂંટણી રિટર્નિંગ ઓફિસર, તહેસીલદાર અને પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ ઈવીએમ 'રિઝર્વ' હતા અને શનિવારે મતદાન માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

અધિકારીએ કહ્યું કે, બંને મશીનો સીલબંધ હાલતમાં હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે, મતોની નોંધણી કરવા માટે વપરાતા તમામ ઈવીએમ શનિવારે રાત્રે 10.30 વાગ્યા સુધીમાં સ્ટ્રોંગ રૂમમાં જમા કરી દેવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું હતું કે, આ રિઝર્વ ઈવીએમ હોવાથી મતદાન દરમિયાન કોઈ ગેરરીતિ થઈ નથી.